ક્રમાંક:રાપબો/બિ.શૈ.ક.વર્ગ-૩/ખા.૫/૨૦૨૨/૫૧૩૨-૫૧૬૮

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:૧૫/૦૭/૨૦૨૨

## પરિપત્ર :-

વિષય :- બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ :- (1) જાહેરનામા: ક્રમાંક: બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિન શૈક્ષણિક કર્મચારી/ખા.૫/૨૦૨૨/૪૫૫૬-૪૫૯૨, તા.૨૪/૦૬/૨૦૨૨

(2)જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.માં-ઉ.મા.શ.બિન શૈક્ષણિક કર્મચારી/ ખા.૫/૨૦૨૨/૪૫૯૩-૪૬૨૯, તા.૨૪/૦૬/૨૦૨૨

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભ-૧ અને ૨ ના જાહેરનામાથી બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાના પરીક્ષાના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર તા.૨૭/૦૬/૨૦૨૨ થી તા.૧૧/૦૭/૨૦૨૨ સુધી દરમિયાન ઓનલાઇન ભરાયેલ છે. જેમાં નીચે મુજબની વિગતે સદર પરીક્ષાઓ માટે આવેદનપત્રો ભરવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.

હવે આ આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર તા.૧૮/૦૭/૨૦૨૨ થી તા.૨૭/૦૭/૨૦૨૨ સુધી ઓનલાઇન ભરી શકાશે. આ પરીક્ષાઓ અંગેની અન્ય વિગતોનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે. તમામ સંબંધિતોએ જેની નોંધ લેવી.

ઉમેદવારોએ ઓનલાઇન ભરેલા આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની નકલ નીચે દર્શાવેલ સમય સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ નક્કી થયેલ અધિકારીઓની કચેરી ખાતે જરૂરી આધારો સાથે જમા કરાવવાના રહેશે.

| ક્રમ | આવેદન પત્રો મોકલનાર | કોને મોકલશે | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફરજ બજાવતા જુનિયર કલાર્ક વર્ગ-૩ અને સિનિયર કલાર્ક વર્ગ-૩ લોઅર લેવલ કે હાયર લેવલની ખાતાકીય પરીક્ષા માટે પાત્ર ઉમેદવારો | સંબધિત શાળાના આચાર્યશ્રી | તા.૨૯/૦૭/૨૦૨૨ |
| ૨ | સંબધિત શાળાના આચાર્યશ્રી | સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી | તા.૦૧/૦૮/૨૦૨૨ |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી | સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | તા.૦૪/૦૮/૨૦૨૨ |

❖ <u>પરીક્ષાની તારીખ :-</u>

આ પરીક્ષાઓ તારીખ-૦૬-૦૭ ઓગષ્ટ,૨૦૨૨ના બદલે હવે પછીની તારીખ-૨૭-૨૮ઓગષ્ટ,૨૦૨૨ના રોજ લેવામાં આવશે. આ પરીક્ષાની હૉલટિકિટ www.sebexam.org વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. આ વેબસાઈટ સતત જોતા રહેવા વિનંતી. પરીક્ષાલક્ષી અન્ય બાબતો સંદર્ભના જાહેરનામાં પ્રમાણેની રહેશે.

સ્થળ :- ગાંધીનગર

તારીખ:-૧૫/૦૭/૨૦૨૨

સચિવ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ ગુજરાત રાજય(તમામ અનુદાનિત શાળાઓને જાણ કરવા સારૂ)

(૨) જનરલ મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર (પરીક્ષાના આયોજન સબબ આપની કક્ષાએ આયોજન કરવા સારૂ)

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન.શિક્ષણમંત્રીશ્રી(કેબિનેટ કક્ષા)ના અંગત મદદનીશશ્રી શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સકુંલ, ગાંધીનગર.
- માન.શિક્ષણમંત્રીશ્રી(રાજય કક્ષા)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સકુંલ, ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫(૭મો માળ) નવા સચિવાલય,ગાંધીનગર.